1. પ્રવાહ આલેખની લાક્ષણિકતાઓ જણાવો. (July 18).

- આંકડામાં ઘણું વૈવિધ્ય હોય છે. પ્રવાહ આલેખ (Flow chart) પ્રવાહ કે ફ્લો શબ્દ ગતિમયતાનું સૂચન કરે છે. વ્યક્તિઓ કે વસ્તુઓની આંતરપ્રદેશીય હેરફેર સૂચવતા આંકડા ફ્લો આલેખ દ્વારા દર્શાવી શકાય છે, પ્રવાહ આલેખની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે :
- આંકડાઓમાં ઘણું વૈવિધ્ય હોય છે. માનવી કે વસ્તુઓની હેરફેર વિવિધ પ્રદેશો પર થાય છે, તે અંગેના આંકડા બે લક્ષણો ધરાવે છે : (1) હેરફેરની દિશા અને (2) વ્યક્તિ કે વસ્તુઓની સંખ્યા .
- ઉપરની બંને વિગતો એકસાથે દર્શાવવા માટે જે તે પ્રદેશનો નકશો હોવો જરૂરી છે. વિવિધ સ્થળોને નકશામાં પરસ્પર સાંકળી લેવા માટે રેખાનો ઉપયોગ થાય છે.
- આંકડાની બહુલતા પ્રમાણે નિશ્ચિત પ્રમાણમાપને અનુલક્ષીને, રેખાઓની સંખ્યા નક્કી કરવામાં આવે છે અને તેટલી સંખ્યામાં રેખાઓ દોરીને સ્થળોને પરસ્પર જોડવામાં આવે છે.
- જ્યાં વધારે અવરજવર હશે ત્યાં બે સ્થળો વચ્ચે રેખાઓની સંખ્યા વધારે થશે. જ્યાં ઓછી અવરજવર હશે ત્યાં બે સ્થળો વચ્ચે રેખાઓની સંખ્યા ઓછી થશે. રેખાઓની સંખ્યાને આધારે નક્કી કરી શકાય છે કે, ક્યાં કયાં સ્થળો વચ્ચે કેટલી અવરજવર છે.